Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268
Continuous Issue -28 | February – March 2019

# ઉત્તર ગુજરાતના પાટણવાડીયા રબારી સમાજનું લગ્નગીત

લોકગીત એટલે લોકો દ્વારા, લોકો માટે ગાવામાં આવતુ ગીત એટલે લોકગીત. જેમાં લગ્નગીતો, હાલરડાં, મરશિયા, ફટાણાં જેવા વિવિધ સાહિત્ય સ્વરૂપોનો સમાવેશ થાય છે. લોકસાહિત્યમાં વિવિધ સંદર્ભોમાં અસંખ્ય પ્રમાણમાં સાહિત્ય લખાણું છે, જેમાં ઝવેરચંદ મેઘાણી, હસુ યાજ્ઞિક, જોરાવરસિંહ જાદવ, હરિવલ્લભ ભાયાણી અને અમૃત પટેલ જેવા સંશોધકોએ સાહિત્યને જાળવવામાં ખૂબજ મહત્વની ભૂમિકા ભજવી છે. પરંતુ એવા ઘણા બધા લોકસાહિત્યો છે જે આજ પહેલા ક્યારેય પણ લખાયા નથી. જેમાં રબારી સમાજના લોકગીતોનો પણ સમાવેશ થાય છે.

વિવિધ પ્રદેશો અને વિવિધ જ્ઞાતિઓ પ્રમાણે લોકગીતો પ્રચલિત હોય છે. તે પ્રમાણે અહી રબારી સમાજના લોકગીતો લખવામાં આવ્યા છે. જે આપણી સંસ્કૃતિ છે. જે આપણી આગવી ઓળખ ઉભી કરતી હોય છે. જે આપણને વારસામાં મળેલ છે. જે હવે ધીમે ધીમે લુપ્ત થતી જોવા મળે છે. જેમ-જેમ નવી પેઢી આવે છે, તેમ તેમ આપણાં લોકગીતો વિસરાતા જાય છે.

લગ્ન સમયે વિવિધ રસમે વિવિધ ગીતો ગવાતા હોય છે. ત્યારે નીચે મુજબનું ગીત એ જ્યારે વરરાજાની પોહલી ભરાવતી વખતે અથવા જાન જતી હોય ત્યારે વરરાજાને કેન્દ્રમાં રાખીને આજે તે કેવા તૈયાર થયા છે. તેનું વર્ણન સ્ત્રીઓ ભેગી મળીને કરતી હોય છે. આજે વરરાજાની જાન જવાની છે, ત્યારે તે કેવા લાગી રહ્યા છે. એ સ્ત્રીઓ જણાવે છે.

**લીલ પીળ માર વડલાન પોન**

**લીલા પોદે વડલો બઉ શોયો**

**રે હરિયાળી મારા રાજ...**

**કે રૂપાળા અંગને વાઘલા શોયા**

**રે હરિયાળ મારા રાજ...**

**-લીલ પીળ...**

કે રૂપાળી ઓશને કાજળ શોય

રે હરિયાળી મારા રાજ...

-લીલ પીળ...

કે રૂપાળી કોટને ઝુંમણ શોય

રે હરિયાળી મારા રાજ...

-લીલ પીળ...

કે મોથાન તે મોળિય ભઇને શોય

રે હરિયાળી મારા રાજ...

-લીલ પીળ...

કે રૂપાળા હાથને ઘડિયાળ શોયી

રે હરિયાળી મારા રાજ...

-લીલ પીળ...

કે રૂપાળા પગને મોજડી શોયી

રે હરિયાળી મારા રાજ...

-લીલ પીળ...

- નીચે મુજબ પંક્તિમાં વરરાજાના વખાણ કરતા પહેલા વડલાની વાત કરવામાં આવી છે કે, લીલા અને પીળા વડલાના પાન છે. અને તે લીલા પાંદડાના કારણે વડલો ખૂબજ સુંદર દેખાય છે. અને તેના કારણે હરિયાળી એટલે કે લીલોતરી લાગી રહી છે. તેમ કહી વરરાજાના વખાણની શરૂઆત કરે છે.

લીલ પીળ માર વડલાન પોન

લીલા પોદે વડલો બઉ શોયો

રે હરિયાળી મારા રાજ...

- નીચે મુજબ પંક્તિમાં હવે સ્ત્રીઓ વરરાજાના વખાણ શરૂ કરે છે કે, વરરાજાએ પોતાના શરીર પર સુંદર વસ્ત્રો ધારણ કર્યા છે. તે વસ્ત્રો વરરાજાને શોભી રહ્યા છે. તેના કારણે વરરાજા ખૂબજ સુંદર લાગી રહ્યા છે.

**કે રૂપાળા અંગને વાઘલા શોયા**

**રે હરિયાળી મારા રાજ...**

**-લીલ પીળ...**

- નીચે મુજબ પંક્તિમાં સ્ત્રીઓ કહે છે કે, વરરાજાની આંખમાં કાજળ આંજવામાં આવ્યુ છે, તેના કારણે વરરાજા ખૂબજ સુંદર લાગી રહ્યા છે.

**કે રૂપાળી ઓશને કાજળ શોય**

**રે હરિયાળી મારા રાજ...**

**-લીલ પીળ...**

- નીચે મુજબ પંક્તિમાં સ્ત્રીઓ કહે છે કે, ઝુમણું નામનો દાગીનો વરરાજાએ પોતાના ગળામાં એટલે કે, ડોકમાં પહેર્યો છે. જેનાથી વરરાજાને ગળાનો ભાગ ખૂબજ આર્કષક લાગી રહ્યો છે.

**કે રૂપાળી કોટને ઝુમણ શોય**

**રે હરિયાળી મારા રાજ...**

**-લીલ પીળ...**

- નીચે મુજબ પંક્તિમાં સ્ત્રીઓ કહે છે કે, વરરાજાએ પોતાના માથા પર મોળિયું એટલે કે લગ્ન સમયે વરરાજાના માથા પર પહેરવાનો ફેંટો અથવા સાફો પહેર્યો છે. જેનાથી વરરાજા ખુબજ સુંદર લાગે છે.

**કે મોથાન તે મોળિય ભઇને શોય**

**રે હરિયાળી મારા રાજ...**

**-લીલ પીળ...**

- નીચે મુજબ પંક્તિમાં સ્ત્રીઓ કહે છે કે, વરરાજાના સુંદર હાથ પર ઘડિયાળ શોભી રહી છે અને તેનાથી વરરાજા સુંદર દેખાય છે.

**કે રૂપાળા હાથને ઘડિયાળ શોયી**

**રે હરિયાળી મારા રાજ...**

**-લીલ  પીળ...**

- નીચે મુજબ પંક્તિમાં સ્ત્રીઓ કહે છે કે, વરરાજાએ પોતાને પગમાં જે મોજડી પહેરી છે તેના કારણે પણ વરરાજા સુંદર લાગી રહ્યા છે.

**કે રૂપાળા પગને મોજડી શોયી**

**રે હરિયાળી મારા રાજ...**

**-લીલ પીળ...**

આમ, સમગ્ર લગ્નગીતમાં સ્ત્રીઓ વર્ણન કરે છે કે, આજે વરરાજા ખૂબ સુંદર લાગી રહ્યા છે.

**શબ્દાર્થ**

**માર**- મારા, **પોન**- પાન, **પોદે**- પાંદડે, **બઉ**- બહુ, **શોયો**- શોભ્યો, **હરિયાળી**- લીલોતરી, **રૂપાળું**- સુંદર, **અંગ**- શરીર, **વાઘલા**- વસ્ત્રો, **ઓશ**-આંખ, **કાજળ**- મેશ, આંખે આંજવાની મેશ, **કોટ**- ગળું, ડોક, **ઝુમણું**- એક પ્રકારનો ગળામાં પહેરવાનો દાગીનો, **મોળિયું**- ફેટો, સાફો, **ભઇ**- ભાઇ

| માહિતી દાતા : | ઉમર : | ગામ : |
|---|---|---|
| (1)દેસાઇ પુરીબેન કમશીભાઇ | 76 વર્ષ | કુરેજા |
| (2)દેસાઇ ચંપાબેન નટવરભાઇ | 52 વર્ષ | કુરેજા |
| (3)દેસાઇ સેજલબેન વિષ્ણુભાઇ | 30 વર્ષ | કુરેજા |

*******************************************************************************

**રબારી અશ્વિન એન.**

કુરેજા

Copyright © 2012 - 2019 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat